# અરવલ્લીમાં તાપમાનનો પારો એકાએક ગગડતા ઠંડીમાં તીવ્ર વધારો




રાજ્યમાં રેકોર્ડબ્રેક ઠંડી પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. ઉત્તર ભારતમાં હિમવર્ષાથી ગુજરાતમાં ઠંડીનું જોર વધ્યુ છે. અરવલ્લી જિલ્લામાં ઠંડા શીત લહેરી પવનોના પગલે તાપમાનનો પારો ગગડી ૧૧ ડિગ્રીએ પહોંચતા હાડ થીજાવતી ઠંડી પડતા લોકો ઠંડીમાં ઠુંઠવાયા હતા. ઠંડીથી રાહત મેળવવા લોકોએ તાપણાં અને હીટરનો સહારો લીધો હતો. વહેલી સવારે ગાઢ ધુમ્મસ છવાતા વાતાવરણમાં વીઝીબીલીટી ઘટતા વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા. ઠંડીનું જોર વધતા ખેડૂતોએ રવિ પાકની સીઝન માટે ફાયદાકારક હોવાની સાથે મબલખ ઉત્પાદન થશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

અરવલ્લી જિલ્લામાં ૧.૨૭ લાખ હેક્ટર જમીનમાં રવિ પાકનું વાવેતર કર્યુ છે જેમાં ૬૮૩૬૩ હેક્ટરમાં ઘઉં, ૧૪૨૯૦ હેક્ટરમાં ચણા, ૧૯૨૪૭ હેક્ટરમાં બટાકા અને ૧૨૯૯૦ હેક્ટરમાં મકાઈ તેમજ રાયડો, તમાકુ, શાકભાજી અને પશુઓ માટે ઘાસચારાનું વાવેતર કર્યુ છે. ત્યારે ઠંડીની તાતી જરૂરિયાત સમયે જ ઠંડીએ જિલ્લામાં કોલ્ડવેવ જેવી સ્થિતિનું નિર્માણ થતાં ખેડૂતોમાં આનંદ છવાયો છે. ખેડૂતોએ વધુ ઠંડી મુખ્યત્વે ઘઉં અને ચણાના પાકને ફાયદાકારક હોવાથી મબલખ ઉત્પાદન થશે તેવી આશા સેવી રહ્યા છે. સોમવારે એકાએક ઠંડીમાં તીવ્ર વધારો થતા લોકો ઠંડીમાં ઠુંઠવાયા હતા.

# બાયડ મામલતદાર સામે ડબ્બા યાત્રા

## ફતેપુરા ગામના આરટીઆઈ કરનારા ખેડૂતોને ખોટી રીતે મામલતદારે જામીન લેવડાવ્યા હોવાનો આક્ષેપ

બાયડ, તા. ૨૮

બાયડ તાલુકાના ફતેપુરા ગામની સીમમાં આવેલી ૨૦૦ વીઘા જમીનમાં ૧૯૬૧થી ગામલોકો પશુઓને ચરાવવા અને બળતણ માટે લાકડા પણ લાવતા હતા જો કે આ જમીન પર કબ્જો થઈ જતા અને કબજેદારે જમીન પર રહેલા વૃક્ષો કાપી સાફ સફાઈ ધરતા ગ્રામજનોમાં આક્રોશ છવાયો હતો. ૬૦ વર્ષથી ઢોર અને બળતણ માટે અનામત રાખેલી જગ્યા પર ભૂ માફિયાઓએ કબ્જો જમાવી દેતા તંત્રમાં વારંવાર રજુઆત કરવા છતાં સમસ્યાનું નિરાકરણ ન આવતા ગ્રામજનોએ હક્કની લડાઈ માટે બાયડ-દહેગામ રોડ પર શુક્રવારે ચક્કાજામ કર્યો હતો અનો બાયડ મામલતદારની મિલીભગત હોવાનો તેમજ મામલતાદેર આરટીઆઈ કરી રજુઆત કરનાર ખોટી રીતે જામીન લેવડાવ્યા હોવાનો આક્ષેપ સ્થાનિકોએ કર્યો હતો ત્યારે બીકેટીએસના અગ્રણીઓએ આ અંગે મામલતદાર વિરૂદ્ધ ડબ્બા યાત્રા યોજી હતી અને બાયડ પ્રાંત અધિકારીને તેમજ મામલતદારને આ અંગે રજુઆત કરી હતી.

બાયડ તાલુકાના ફતેપુરા ગામના સમર્થનમાં ક્ષત્રિય ઠાકોર સમાજનું બીકેટીએસ નામનું સંગઠન સમર્થનમાં આવ્યુ હતું અને ડાભા પંચાયતમાં આવેલ ફતેપુરા ગામના આરટીઆઈ કરનાર ૧૫ જેટલા ખેડૂતોને મામલતદારે ૨૦૭ અન્વયે જે જામીન પ્રક્રિયા કરવામાં આવી હતી તેના અનુસંધાને આરટીઆઈ ડબ્બાયાત્રા કાઢવામાં આવી હોવાનું અને આ અંગે પ્રાંત અધિકારી બાયડ અને મામલતદારને મૌખિક રજુઆત કરવામાં આવી હોવાનું બીકેટીએસના અગ્રણી કિશનસિંહ ચૌહાણ અને તેમની ટીમે જણાવ્યુ હતુ. બીકેટીએસની ટીમે ડબ્બાયાત્રા યોજાતા બાયડ શહેરના નગરજનોમાં કુતુહૂલ સર્જાયુ હતુ.




# મોડાસા નગરપાલિકાના સફાઈ કામદારોએ પડતર માંગણીઓને લઈને હડતાલ પર

## સફાઈ કામદારોનું શોષણ બંધ કરવાની માંગ

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા નગરપાલિકાના સફાઈ કામદારો તેમની વર્ષો જુની માંગણીઓ નહીં સંતોષાતા ૧૫ દિવસ અગાઉ નગરપાલિકાતંત્રમાં રજુઆત કરી હતી તેમ છતાં તંત્રએ સફાઈ કામદારોની માંગણીઓ સામે આંખ આડા કાન કરતા આખરે નગરપાલિકા સફાઈ કર્મચારીઓ હડતાલનું શસ્ત્ર ઉગામ્યુ છે. મોડાસા ટાઉનહોલ ખાતે એકઠા થઈ સફાઈ કર્મચારીઓનું શોષણ કરવામાં આવતું હોવાનો આક્ષેપ કર્યો હતો.



મોડાસા નગર પાલિકાના ૧૦૦ જેટલા સફાઈ કર્મચારીઓ વિવિધ પડતર માંગણીઓને લઈને હડતાલ પર ઉતરી ગયા છે. ત્યારે મોડાસા શહેરના નગરપાલિકામાં કામ કરતાં સફાઈ કર્મચારીએ પોતાની પડતર માંગણીઓને લઈને ટાઉનહોલ ખાતે આંદોલન પર બેસી ગયા હતા અને ન્યાયની માંગ કરી રહ્યા છે. સફાઈ કર્મચારીઓની વર્ષો જૂની માંગ છે કે તેઓને યોગ્ય વેતન મળતું નથી સાથે જ સાતમા પગાર પંચનો લાભ ઘણા સમયથી ટલ્લે ચડ્યો છે તે પણ આપવામાં નથી આવતો એટલું જ નહીં ખાલી પડેલી વિવિધ જગ્યાઓમાં વર્ષોથી ભરતી કરવામાં નથી આવતી તેમજ આઉટસોર્સીંગથી કરવામાં આવી રહેલ સફાઈ કર્મચારીઓની ભરતીમાં સફાઈ કર્મચારીઓનું શોષણ કરવામાં આવી રહ્યું છે. તદઉપરાંત નગરપાલિકામાં કાયમી ફાઈ કર્મચારી તરીકે નિવૃત્ત થયેલા કર્મચારીઓને નિવૃત્તિ પછી લાભ પણ મળી રહ્યો નથી સહિતની વિવિધ માંગણીઓને લઈને મોડાસા નગરપાલિકામાં કામ કરતાં સફાઈ કર્મચારીઓએ આંદોલન પર બેસી ગયા છીએ જો કે હવે આ આંદોલન ક્યાં સુધી ચાલે છે તે જોવું રહ્યું. સફાઈ કામદારોની જ્યાં સુધી તેમની ૭ જેટલી પડતર માંગણીઓ નહીં સંતોષાય તો કામથી અળગા રહી હડતાલ યથાવત રહેશેની ચિમકી ઉચ્ચારી હતી.

# પાલનપુરમાં હિટ એન્ડ રનની ઘટનામાં યુવકનું મોત

## અજાણ્યા વાહનચાલક સામે ગુનો દાખલ

પાલનપુર, તા. ૨૮

પાલનપુરમાં વહેલી સવારે હીટ એન્ડ રનની વધુ એક ઘટના સામે આવી છે. માર્ગ અકસ્માતની ઘટનામાં સ્થાનિક ઓટો કન્સલ્ટનના વ્યવસાય સાથે સંકલાયેલા યુવકનું મોત થતાં ચકચાર મચી ગઈ છે. અકસ્માતની જાણ થતાં સ્થાનિકો સહિત આસપાસના લોકો દોડી આવ્યા હતા. ઈજાગ્રસ્ત યુવકને માથામાં ગંભીર ઈજાઓ પહોંચતા હોસ્પિટલમાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. આ તરફ અકસ્માત સર્જી અજાણ્યો વાહનચાલક ફરાર થઈ ગયો હોઈ મૃતકના ભાઈએ તેની સામે પોલીસ ફરીયાદ નોંધાવી છે.

બનાસકાંઠા જિલ્લાના મુખ્યમથક પાલનપુરમાં વહેલી સવારે અકસ્માતની ઘટના સામે આવી છે. ઓટો કન્સલ્ટના વ્યવસાય સાથે સંકળાયેલા નયનભાઈ પરમાર આજે સોમવારે સવારે પોતાનું જ્યુપીટર લઈ હોટલ રામદેવની સામેથી પસાર થતા હતા. આ દરમ્યાન એક બોલેરો કેમ્પર ડાલુ પુરઝડપે આવીને ટક્કર મારતાં તેઓ નીચે પટકાયાં હતા. જેને લઈ કોઈને તેમના ભાઈને જાણ કરતાં તેઓ તાત્કાલિક દોડી આવી નયનભાઈને ૧૦૮ મોબાઈલ વાનમાં હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં ફરજ પરના તબીબે નયનભાઈને મૃત જાહેર કરતાં પરિજનો શોકમગ્ન બન્યા છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે હજી ગઈકાલે રાત્રે અકસ્માતમાં ચાર લોકોના મોત થયા બાદ આજે સવારે ફરી એકવાર અકસ્માતની ઘટના સામે આવી છે. ઘટનાને લઈ મૃતકના ભાઈ કલ્પેશકુમાર બાબુલાલ પરમારે અજાણ્યા વાહનચાલક સામે ફરીયાદ નોંધાવી છે. પોલીસે અજાણ્યા વાહનચાલક સામે આઈપીસીની કલમ ૨૭૯, ૩૦૪ અને મોટર વાહન અધિનિયમની કલમ ૧૭, ૧૮૪, ૧૩૪ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## આજરોજ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ખેડબ્રહ્મા દ્વારા શ્રી રામ જન્મભૂમિ ભવ્ય મંદિર માટે નિધી કાર્યાલય



ખેડબ્રહ્મા, તા. ૨૮

શ્રી રામ મંદિર નિધિ સંગ્રહ અભિયાન માટેની બેઠક માર્કેટયાર્ડ હોલમાં યોજવામાં આવી હતી તેમાં ખેડબ્રહ્મા તાલુકાના રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ વિશ્વ હિન્દુ પરિષદ તથા ભારતીય કિસાન સંઘના કાર્યર્તા અને શુભેચ્છકો એકત્રિત થયા હતા. બેઠકમાં આગામી કાર્યક્રમની રૂપરેખા નક્કી કરવામાં આવી. તેમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના જિલ્લાના સંઘચાલક મુકેશભાઈ સોની, ભાવિનભાઈ ખમાર, ખેડબ્રહ્મા તાલુકા કાર્યવાહક વિક્રમભાઈ વાઘેલા, ભારતીય કિસાન સંઘના બી.કે. પટેલ, શામળભાઈ પટેલ, વક્તાભાઈ પટેલ, વિશ્વ હિન્દુ પરિષદના ધર્મ પસાર ઉત્તર ગુજરાતના પ્રાન્ત સંયોજક અમૃતભાઈ પટેલ, વડાગામ, પરષોત્તમભાઈ પટેલ, ચેતનભાઈ પટેલ, માર્કેટયાર્ડના ચેરમેન જસુભાઈ પટેલ હાજર રહ્યા હતા અને વિવિધ ભગિની સંસ્થાઓ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ, ભારતીય કિસાન સંઘ, ભારતીય જનતા પાર્ટી, ભારત વિકાસ પરિષદના કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા. તા. ૧૪ જાન્યુઆરી મકરસંક્રાંતિના દિવસથી વ્યાપક લોક સંપર્ક અભિયાન શરૂ કરવામાં આવશે. દરેક ગામ અને દરેક ઘર સુધી સંપર્ક કરવા શરૂ કરવામાં આવશે.

# પ્રાંતિજ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ પ્રાંતિજ પ્રખંડ દ્વારા સદભાવ બેઠક યોજાઈ

## શ્રી રામ જન્મભૂમિ મંદિર નિર્માણ પરીવાર સંપર્ક અભિયાન માટે : રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને વિશ્વ હિન્દુ પરિષદ પ્રાંતિજ પ્રખંડ દ્વારા સદ્‌ભાવ બેઠક યોજાઈ




પ્રાંતિજ, તા. ૨૮

પ્રાંતિજ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ પ્રખંડ દ્વારા સદ્‌ભાવ બેઠક યોજાઈ હતી જેમાં શ્રીરામ જન્મભૂમિ મંદિર નિર્માણ પરિવાર સંપર્ક અભિયાન માટે રાષ્ટ્રીય સ્વયંસેવખ સંઘ અને વિશ્વ હિન્દુ પરિષદ પ્રાંતિજ પ્રખંડ દ્વારા પ્રાંતિજ કૉલેજ ખાતે સદ્‌ભાવના બેઠક યોજાઈ હતી. જેમાં બેઠકમાં પ્રાંતિજ તાલુકાના હિંદુ સમાજની જ્ઞાતિના આગેવાનો તેમજ ઉત્સાહી કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

જેમાં બેઠક દરમિયાન રમેશભાઈ પટેલ, નટુભાઈ બારોટ, ધનજીભાઈ પટેલ, ડૉ. દિપકભાઈ પટેલ, જશવંતસિંહ રાઠોડ દ્વારા તાલુકામાં ચાલનાર અભિયાન અંગેની વિસ્તૃત માહિતી આપી હતી. તો બેઠકનું સફળ સંચાલન સંઘ તેમજ વિહિપના કાર્યકર્તાઓ મહેન્દ્રભાઈ પંડ્યા, મનીષભઆઈ પારેખ, આશીષભાઈ ભટ્ટ, અંક્તિભાઈ પટેલ, વિરેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.



૧૩૬માં કોંગ્રેસ સ્થાપના દિવસે કોંગ્રેસનો ધ્વજ ફરકાવી ધ્વજવંદનનો કાર્યક્રમ સર્કીટ હાઉસ મોડાસામાં યોજાયો તો. જેમાં અરવલ્લી જિલ્લા પ્રમુખ કમલેન્દ્રસિંહજી પુવાર, તાલુકા પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ, મોડાસા શહેર સમિતિના પ્રમુખ ઈકબાલભાઈ ઈપ્રોલિયા તથા મોડાસા ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, કલ્પનાબેન ભાવસાર તથા તમામ સેલના પ્રમુખો અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# વારાણસી વિસ્તારના દૂધ ઉત્પાદકોનું પ્રતિનિધિમંડળ બનાસડેરીની મુલાકાતે



ઉત્તરપ્રદેશના વારાણસી વિસ્તારમાં બનાસડેરી સંચાલિત મિલ્ક કલેક્શન સેન્ટરોના ૬૭ પ્રગતિશીલ દૂધ ઉત્પાદકોનું પ્રતિનિધિમંડળ પાંચ દિવસની અભ્યાસ તાલીમ માટે બનાસડેરીની મુલાકાતે આવ્યું છે.

બનાસ મેડિકલ કોલેજ મોરીયા ખાતે યોજાઈ રહેલા અભ્યાસ તાલીમ વર્ગની સાથે બનાસડેરીના વિવિધ પ્લાન્ટસની મુલાકાત, આદર્શ પશુપાલન અને પશુ સંવર્ધન અભ્યાસ હેતુ બનાસકાંઠા જિલ્લાના વિવિધ પ્રગતિશીલ દૂધ ઉત્પાદકોના ફાર્મ મુલાકાત, જિલ્લાની આદર્શ દૂધ મંડળીઓની મુલાકાત વગેરે લઈને દૂધ ઉત્પાદકોની આવક વધારવાના બનાસડેરી મોડેલનો પણ અભ્યાસ કરશે.

બનાસડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ આજે બનાસ મેડિકલ કોલેજ મોરિયા ખાતે 'પ્રગતિશીલ દૂધ ઉત્પાદન વિકાસ' કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. વારાણસીના દૂધ ઉત્પાદકોના પ્રતિનિધિમંડળને બનાસની ધરતી પર આવકારતાં તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન છે કે ખેડૂતોની આવક ડબલ થાય. બનાસ ડેરીએ દૂધના વ્યવસાયની સાથે મધ, બટાકા, ગોબર ગેસ, ટીએચઆર ટેક હોમ રાશન, ઓઈલ પ્લાન્ટ જેવા વ્યવસાય શરૂ કરીને દૂધ ઉત્પાદકોને દૂધની સાથે અન્ય વ્યવસાય થકી પણ વધારાની આવક પ્રાપ્ત થઈ રહી છે. પરિણામે, દૂધ ઉત્પાદકોને ૧૧૦૦ કરોડ રૂપિયા જેટલો ભાવફેર આપવામાં બનાસડેરી સફળ રહી છે. ચેરમેને જિલ્લાની પ્રગતિશીલ બનાસ લક્ષ્મી દૂધ ઉત્પાદક બહેનોની દૂધના વ્યવસાય થકી એક કરોડથી પણ વધારે કમાણીની વિગતો આપી હતી. તેમણે ઉમેર્યુ કે વડાપ્રધાનના વિઝન પ્રમાણે આપણે કામ કરી રહ્યા છીએ. એશિયામાં નંબર વન છીએ અને હવે આપણું લક્ષ્ય દુનિયામાં નંબર વન બનીએ તે પ્રમાણેનું છે. તેમણે બનાસડેરીના સ્થાપના કાળથી લઈને ૮૦ લાખ લિટર પ્રતિદિન દૂધ સંપાદન સુધીના વિકાસને વર્ણવીને જણાવ્યું કે જે પ્રમાણે દિનપ્રતિદિન દૂધની આવક વધી છે તે જોતાં દિયોદર ખાતે સણાદર ગામે ૩૦ લાખ લીટર ક્ષમતા ધરાવતો ડેરી પ્લાન્ટ પણ કાર્યરત થશે અને સાથે સાથે બટાકાનો પ્રોસેસિંગ પ્લાન્ટ પણ કાર્યરત થશે જેનાથી જિલ્લાના બટાકા ઉત્પાદન કરતાં ખેડૂતોને મોટો લાભ થશે.

'બનાસ સે બનારસ તક'નું સૂત્ર આપતા ચેરમેને જણાવ્યુ કે ઉત્તરપ્રદેશના કાનપુર અને લખનૌ ખાતે બનાસડેરીએ ડેરી પ્લાન્ટ ઉભા કર્યા છે. હજુ પણ ઉત્તરપ્રદેશના દૂધ ઉત્પાદનને જોતા વારાણસી વિસ્તારમાં પણ બનાસ ડેરીનો પ્લાન્ટ નાખવાની દિશામાં બનાસડેરી આગળ વધી રહી છે. જેમાં ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી આદિત્યનાથ યોગીજી અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો વિશેષ સહયોગ મળી રહ્યો છે. તેમણે ગુજરાતની આગવી ઓળખ એવી દેશી ગીર ગાયનું સંવર્ધન વારાણસી વિસ્તારમાં પણ થાય તે માટે જરૂરી વ્યવસ્થાતંત્ર ઉભુ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

# મોડાસા નગરપાલિકાના અંતર વહીવટને કારણે લોકો હેરાન-પરેશાન

મોડાસા નગરમાં કેટલા કેટલાક દિવસોથી નગરજનો નગરપાલિકાના વહીવટથી હેરાન-પરેશાન થવા પામ્યા છે નગરમાં ગંદકીનાં ઢગલાઓ થવા લાગ્યા છે ડોર ટુ ડોર કચરાના નિકાલની વ્યવસ્થા અનિયમિત બની છે આ સિવાય વારિગૃહ વિભાગનો વહીવટ કથળ્યો છે નગરમાં પાણીનો પુરવઠો સમયસર અને પૂરતો મળતો નથી જેના કારણે કેટલાક વિસ્તારોમાં પાણી પુરવઠાની વ્યાપક બૂમ ઉઠી છે નગરના રત્નદીપ સોસાયટી વિસ્તારમાં પાણીનો પુરવઠો બિલકુલ અનિયમિત આવે છે શિયાળામાં રાત્રિના ૧૧ પછી આપવામાં આવે છે તે પણ લો પ્રેસરથી અને થોડા સમય માટે જેના કારણે અહીંના રહીશો ત્રસ્ત બન્યા છે નગરપાલિકામાં ફરિયાદો પ્રત્યે આંખ આડા કરાય છે. નગરપાલિકા તંત્ર જાગૃત બને તેવું નગરજનોની વ્યાપક માંગ ઉઠેલ છે.

# ભાભરના ખારા ગામ પાસે કાર અને બાઈક ટકરાતા ૪ના મોત

ડીસા, તા. ૨૮

કોરોનાકાળ વચ્ચે ભાભર પંથકમાં માર્ગ અકસ્માતની દુર્ઘટનામાં ચાર લોકોના મોત થતાં અરેરાટી મચી ગઈ છે. ગઈકાલે મોડીરાત્રે સ્વિફ્ટ કાર અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા.



અકસ્માત એટલો બધો ભયંકર હતો કે બાઈક સવાર બે લોકો અને કારમાં સવાર એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતુ. આ તરફ અન્ય એક વ્યક્તિનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું હોવાનું સામે આવ્યુ છે. ઘટનાને લઈ પોલીસે મૃતકોની લાશને પોસ્ટમોર્ટમ અંગે મોકલી આપી વધુ તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠા જીલ્લાના ભાભરના ખારા ગામના પાટીયા પાસે મોડી રાત્રે કાર અને બાઈક વચ્ચે ટક્કર થઈ હતી. ગમખ્વાર અકસ્માતની ઘટનામાં બાઈકમાં સવાર બે લોકો અને કાર ચાલક સહિત ત્રણ લોકોનાં ઘટના સ્થળે જ મોત થયા હતા. અકસ્માતમાં અન્ય ચાર લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. જેમાંથી એક વ્યક્તિનું સારવાર દરમ્યાન મોત થયું છે. સ્વિફ્ટ ગાડીના ચાલક અને ખારા ગામના ત્રણ યુવાનોના મોતને લઈ પંથકમાં માતમ છવાયો છે.

# ઐઠોર ગણપતિદાદાનું મંદિર સંકટ ચતુર્થીએ બંધ રહેશે

ઊંઝા, તા. ૨૮

ઊંઝા નજીકના સુપ્રસિદ્ધ યાત્રાસ્થાન ઐઠોર ગામે આવેલ શ્રી ગણપતિદાદાનું મંદિર આગામી તા. ૨જી જાન્યુઆરી શનિવાર સંકટ ચતુર્થીના દિવસે કોરોનાની મહામારીને લીધે સંપૂર્ણપણે બંધ રાખવાનો નિર્ણય ગણપતિ મંદિર સંસ્થા દ્વારા લેવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે ઐઠોર ગણપતિદાદાના મંદિરે ચોથ સંકટ ચતુર્થીના દિવસે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવતા હોય છે. જેથી કોરોનાનું સંક્રમણ ન ફેલાય તે માટે સંકટ ચતુર્થીએ મંદિર બંધ રાખવાનો નિર્ણય મંદિર સંસ્થા દ્વારા લેવાયેલ છે.

